રેસિડેન્સિયલ રિયલ એસ્ટેટ એટલે કે રહેવા માટેના મકાનમાં, બંગલા, ડુપ્લેક્સ, ફ્લેટ્સ્, એપાર્ટમેન્ટ વગેરેનો સમાવેશ થાય છે કે જેમાં લોકો રહેતાં હોય છે. બીજી તરફ કોમર્શિયલ રિયલ એસ્ટેટ એટલે કે ધંધાકારી કે વાણિજ્યિક મિલકતોમાં ઓફિસ કચેરીના મકાનો, બિલ્ડિંગો, ઔદ્યોગિક આવાસો વગેરેનો સમાવેશ થાય છે. જેમાં કોઈ વેપાર, ઉદ્યોગ કે પછી કાર્યાલયની પ્રવૃત્તિ થતી હોય છે. રેસિડેન્સિયલ રિયલ એસ્ટેટ એજન્ટ વ્યક્તિગત અને કુટુંબો સાથે કાર્ય કરવામાં નિષ્ણાત હોય છે. જ્યારે કોમર્શિયલ એજન્ટ ઓફિસને લગતી જગ્યા અને બિલ્ડિંગોને લગતું કાર્ય કરે છે.

છેલ્લા કેટલાક દાયકામાં દેશમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં અભૂતપૂર્વ વૃદ્ધિ જોવા મળી છે. ભારતમાં કૃષિ ક્ષેત્ર પછી સૌથી વધુ રોજગારી પૂરી પાડતા આ ક્ષેત્રમાં સરકાર દ્વારા સીધા વિદેશી રોકાણને મંજૂરી અપાયા બાદ આ ક્ષેત્રમાં વ્યાવસાયિકો અને એજન્ટ માટે કારકિર્દીની વિપુલ તકો સર્જાઈ છે.

પ્રોપર્ટી અથવા રિયલ એસ્ટેટ મેનેજમેન્ટને એરિયા મેનેજમેન્ટ તરીકે ઓળખવામાં આવે છે જેમાં ભાડું એકત્ર કરવું, પૈસાનો હિસાબ-કિતાબ રાખવો, વીમાના પ્રીમિયમની ચુકવણી તેમજ મિલકતોની જાળવણી માટેના કર્મચારીઓને પૈસાની ચુકવણી વગેરે સામેલ છે. પ્રોપર્ટી અથવા રિયલ એસ્ટેટના મેનેજર- જમીન મકાનની મિલકતોના કામકાજ અને આર્થિક વ્યવહારો માટે જવાબદાર હોય છે – જેમણે જમીન મકાનની મિલકતોના તમામ આર્થિક વ્યવહારો વહીવટી કામગીરી વગેરે સંભાળવાની હોય છે. તેઓનું ખરું ધ્યાન જમીન મકાનના સોદામાં નફાનું પ્રમાણ વધારવાનું અને રોકાણકારોને લાભ આપવાનું હોય છે. રિયલ એસ્ટેટના એજન્ટે એ સુનિશ્ચિત કરવાનું હોય છે કે, કોઈ પણ સોદો કરતી વખતે તેના ગ્રાહક પાસે મિલકત અંગેની તમામ માહિતી ઉપલબ્ધ હોય, જેથી યોગ્ય વેચાણ કિંમત નક્કી થઈ શકે અને લેનાર અને વેચનારના હિતમાં સારો સોદો થઈ શકે.

આ વ્યવસાયમાં સામેલ વિવિધ સેવાઓમાં મિલકત બતાવવી, મિલકતનો વિસ્તાર, તેનું વિશ્લેષણ અને વેચાણ કિંમત નક્કી કરતાં કે સોદો પૂરો કરતાં પહેલાં કરારની ચકાસણી કરવાનું હોય છે. આ કાર્યમાં મોટા ભાગે વ્યક્તિ પોતે જાણે છે અથવા સારી રીતે ઓળખે છે એવા પોતાના વિસ્તારમાં જ કામ કરવાનું હોય છે.

**યોગ્યતા :** જમીન-મકાનના આ રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં કાર્ય કરવા માટે આમ તો કોઈ નિશ્ચિત શૈક્ષણિક લાયકાત જરૂરી નથી. આમ છતાં મોટા ભાગની રિયલ એસ્ટેટ કંપની કે મલ્ટિનેશનલ સંગઠનો ઉમેદવારે રિયલ એસ્ટેટ મેનેજમેન્ટમાં કોર્સ કર્યો હોય તેવો આગ્રહ જરૂર રાખે છે.

રિયલ એસ્ટેટ મેનેજમેન્ટમાં હાલમાં એમ.બી.એ., ડિપ્લોમા, અનુસ્નાતક ડિપ્લોમા અને પ્રમાણપત્ર કોર્સ ચાલે છે. રિયલ એસ્ટેટ મેનેજમેન્ટમાં એમ.બી.એ. માટે લઘુતમ લાયકાત સ્નાતકની છે. જ્યારે ડિપ્લોમા અને પ્રમાણપત્રના અન્ય અભ્યાસક્રમો ધોરણ-૧૨ પછી પણ થઈ શકે છે. કેટલાક કોર્સ દૂરવર્તી શિક્ષણ અથવા પત્રાચારથી પણ થઈ શકે છે. આ અંગેના અભ્યાસક્રમોમાં જોખમનું સ્વરૂપ, અર્થશાસ્ત્ર, રિયલ એસ્ટેટ કાનૂન, મિલકતોનું મૂલ્ય, તેનું વિશ્લેષણ, મિલકતોનું પ્રબંધન, સંશોધન વગેરે પાસાંઓનો સમાવેશ થાય છે.

**કૌશલ્યની જરૂરિયાત :** રિયલ એસ્ટેટના મેનેજરોમાં કેટલીક ખાસ વિશેષતાઓ કે કૌશલ્ય હોવું જરૂરી છે. જેમાં જોખમ અંગેનું જ્ઞાન, જમીન-મકાનોના કાયદાઓનું જ્ઞાન, મિલકતોના મૂલ્યાંકન અને તેના વિશ્લેષણની શક્તિ, વાતચીત દ્વારા સોદાબાજીની કલા વગેરે ગુણ આ વ્યવસાયમાં સફળતા માટે ખૂબ જ જરૂરી છે.

જમીન-મકાન મિલકત અથવા માળખાકીય ક્ષેત્રમાં કાર્ય કરવા ઈચ્છતી વ્યક્તિમાં એ તમામ ગુણો હોવા જોઈએ જે સ્વતંત્રપણે ધંધો વિકસાવવા ઈચ્છતી વ્યક્તિઓમાં હોવા જરૂરી હોય છે. આ સંદર્ભમાં તમારામાં સંબંધો બાંધવાની અને વિકસાવવાની કળા હોવી જરૂરી છે. એ જ રીતે તમારામાં કોઈ નાણાકીય પ્રબંધન સંસ્થા માટે જરૂરી એવા ગુણો હોવા પણ ખૂબ જરૂરી છે. સૌથી મહત્ત્વપૂર્ણ પરિબળ તમારે રિયલ એસ્ટેટ માર્કેટના છેલ્લામાં છેલ્લા પ્રવાહોથી માહિતગાર રહેવું જરૂરી છે. જેમાં ભવિષ્યમાં બજારના વલણોની સંભાવનાઓનો પણ સમાવેશ થાય છે.

રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં બાંધકામ ક્ષેત્ર-ટેક્નિકલ કાર્ય માટે તમારી પાસે સિવિલ એન્જિનિયરિંગની ડિગ્રી હોવી ખૂબ જ જરૂરી છે. સિવિલ એન્જિનિયરિંગ અથવા કન્સ્ટ્રક્શન એન્જિનિયરિંગની કોઈ પણ યુનિવર્સિટીની ડિગ્રી- બાદ – વેચાણ અથવા માર્કેટિંગમાં અથવા ઈન્ટરનેશનલ રિલેશન્સ અથવા બિઝનેસ કોમ્યુનિકેશનમાં એમ.બી.એ.ની ડિગ્રી મેળવીને પોતાની કન્સ્ટ્રક્શન પેઢી કે કંપની સ્થાપી શકાય છે.

**રિયલ એસ્ટેટમાં કેરિયર માટે જરૂરી કૌશલ્ય :**

(૧) બિલ્ડિંગ અને બાંધકામ અંગેના ટેક્નિકલ મુદ્દાઓનું જ્ઞાન. (૨) જુદા જુદા વિસ્તારોમાં મકાન, જમીન, પ્લોટ માટેના ચોરસફૂટ દીઠ છેલ્લામાં છેલ્લા બજાર ભાવોની માહિતી. (૩) વિવિધ કંપનીઓના શૅર અને સ્ટોકના દરજ્જા અંગેની માહિતી. (૪) ગ્રાહકોને આકર્ષવા માટે વિવિધ બજાર, વેચાણ, ખરીદ કિંમતની વ્યૂરચના વગેરેની આવડત. (૫) શૅર હોલ્ડર્સ અથવા ખરીદનારા ગ્રાહકોના વિશાળ નેટવર્કની માહિતી.

**રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે કારકિર્દી માટે વિવિધ ભૂમિકાઓ :**

**૧. રહેણાંક રિયલ એસ્ટેટ બ્રોકર :** ઘર, મકાન, ફ્લેટ વગેરે રહેણાંક મિલકતોના લે-વેચમાં સક્રિય બ્રોકર અથવા એજન્ટ- જે મુખ્યત્વે લેનાર અથવા વેચનારનું પ્રતિનિધિત્વ કરતો હોય છે.

**૨. કોમર્શિયલ રિયલ એસ્ટેટ બ્રોકર :** આ પ્રકારના બ્રોકર કે એજન્ટ હૉટેલ, ઓફિસ સ્પેસ અને અન્ય ધંધાદારી જમીન-મિલકતોની સોદાબાજીમાં સક્રિય હોય છે. તેઓ મહદ્અંશે છૂટક ઓફિસની જગ્યા, શોપ, દુકાન, મોલ, ઔદ્યોગિક જગ્યા કે હૉસ્પિટાલિટી સ્પેસ ક્ષેત્રે સક્રિય હોય છે.

**૩. રિયલ એસ્ટેટ એપ્રાઈઝર :** આ પ્રકારના લોકો વેચાણ માટેની જમીન-મકાનની સંપત્તિની ખરી કે યોગ્ય કિંમત નક્કી કરવામાં નિષ્ણાત હોય છે. તેઓ આ પ્રકારની મૂલ્યાંકન પેઢી તરફથી મિલકતનું મૂલ્ય નિર્ધારિત કરે છે. આ પ્રકારના નિષ્ણાતો બેંક અથવા મોટા ખાનગી રોકાણકારો માટે પણ કાર્ય કરતા હોય છે.

**૪. પ્રોપર્ટી મેનેજર :** આ પ્રકારની વ્યક્તિ સામાન્ય રીતે વ્યાવસાયિક મિલકત-વ્યવસ્થાપન પેઢીના હિસ્સા તરીકે કાર્યરત હોય છે અને મિલકતના માલિકના રોકાણની સંભાળ રાખવાનું તેમનું કાર્ય હોય છે. તે ગ્રાહકો સાથે કામ કરે છે અને લીઝ અને રેન્ટના ભાડાંપટ્ટાના સોદાઓ પણ કરે છે.

**૫. ફેસિલિટીઝ મેનેજર :** આ એક નવો ઊભરતો વ્યવસાય છે જેમાં રેસિડેન્સિયલ ટાઉનશિપ કે ઓફિસ બિલ્ડિંગ કે મોલ જેવા મોટા સોદાઓમાં કથિત સાંભળેલી વાતો ઉપર વિશ્વાસ નહીં કરતાં નફાકારકતાને વધારવાના હેતુથી આ પ્રકારના વ્યાવસાયિકોની મદદ લેવામાં આવે છે.

**૬. રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ઈન્સલ્ટન્ટ :** આ પ્રકારની વ્યક્તિ જમીન મકાનના બજારનું ઊંડું જ્ઞાન ધરાવતી હોય છે અને મિલકતોના રોકાણકારોને શ્રેષ્ઠ રોકાણનો વિકલ્પ શોધવામાં મદદરૂપ બને છે. તેમનો મુખ્ય ઉદ્દેશ એવી મિલકત શોધવાનો હોય છે જેમાં મૂલ્યના સ્વરૂપમાં ઝડપથી વૃદ્ધિ થવાની હોય.

**૭. પ્રોજેક્ટ ડેવલપમેન્ટ એક્સપર્ટ :** જમીન-મકાનના બજારમાં આ પ્રકારના લોકો એક અભિન્ન અંગ હોય છે. તેઓ વેચાણલાયક મિલકતો સર્જવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. તેઓ પ્રોપર્ટી ડેવલપર્સને મિલકતના તમામ પાસાંઓની સમજણ આપે છે.

**સંભાવના અને તકો :** માળખાકીય સુવિધાઓ અને જમીન-મકાન- મિલકતોનું આ ક્ષેત્ર મોટા પાયે પૈસા કમાવવા ઈચ્છતાં વ્યાવસાયિકો માટે શ્રેષ્ઠ તક પૂરી પાડે છે. જોકે તે માટે રાત-દિવસ મહેનત અને જમીન-મકાનના કારોબાર ક્ષેત્રે ઊંડું જ્ઞાન હોવું ખૂબ જરૂરી છે.

હાલમાં રિયલ એસ્ટેટના વેચાણ ક્ષેત્રે કેટલીક લોકપ્રિય વેબસાઈટ સક્રિય છે. જેમાં ઈન્ડિયા પ્રોપર્ટી ડોટ કોમ, નાઈન્ટીનાઈન એકર્સ ડોટ કોમ અને ઈન્ડિયા હાઉસિંગ ડોટ કોમ સામેલ છે. ખરીદનાર ગ્રાહક અને વેચનાર વચ્ચે મધ્યસ્થીનું કાર્ય કરતી આવી વેબસાઈટ પણ વ્યવસાયિક નિષ્ણાતોને જોબ ઉપર રાખતી હોવાથી તેમાં કારકિર્દીની તક રહે છે. એ જ રીતે આમાં પોતાનું કામકાજ કરવા આવી પ્રોપર્ટી વેબસાઈટ કે અખબારોની જાહેરખબરોનો સહારો લઈ શકાય છે.

જમીન-મકાનના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં મોટાપાયે રોજગારી પૂરી પાડતી કંપનીઓમાં કુશમેન એન્ડ વેઈક ફિલ્ડ, ડી.એલ.એફ. લિમિટેડ, યનીટેક, ટાટા હાઉસિંગ, અન્સલ એ.પી.આઈ., રાહેજા યુનિવર્સલ, લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડ, પુંજ લોઈડ ગ્રૂપ, પાર્શ્વનાથ ગ્રૂપ, ઓમેક્ષ લિમિટેડ, નાઈન્ટીનાઈન એકર્સ અને મેજિક બ્રીક્સનો સમાવેશ થાય છે.

**રિયલ એસ્ટેટ ક્ષેત્રે મોટી સંસ્થાઓની યાદી આ પ્રમાણે છે :**

(૧) નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કન્સ્ટ્રક્શન મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ, પુને (NIREM) (૨) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ રિયલ એસ્ટેટ (IIRE) (૩) RICS - સ્કૂલ ઓફ બિલ્ટ એન્વાયરમેન્ટ, નોઈડા (૪) એમિટી યુનિવર્સિટી, નોઈડા (૫) અંસલ યુનિવર્સિટી, ગુડગાંવ (૬) ટેરી યુનિવર્સિટી, દિલ્હી. (સૌજન્ય : એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ )

- સંકલન : આરતી પંડ્યા

*(અનુસંધાન પાન નં. ૪ નું ચાલુ)*

(18) Intimations will be sent by email and/ sms only to the email ID and mobile number registered in the online application form. Bank shall not be responsible if the information/ intimations do not reach candidates in case of change in the mobile number, email address, technical fault or otherwise, beyond the control of Bank. Candidates are advised to keep a close watch on the authorised Bank website www.bankofindia.co.in for latest updates.

- **ACTION AGAINST CANDIDATES FOUND GUILTY OF MISCONDUCT/ USE OF UNFAIR MEANS**

  Candidates are advised in their own interest that they should not furnish any particulars that are false, tampered with or fabricated and should not suppress any material information while submitting online application. At the time of interview or in a subsequent selection procedure, if a candidate is (or has been) found guilty of –

(i) using unfair means or

(ii) impersonating or procuring impersonation by any person or

(iii) misbehaving in the interview hall or disclosing, publishing, reproducing, transmitting, storing or facilitating transmission and storage of contents or any information therein in whole or part thereof in any form or by any means, verbal or written, electronically or mechanically for any purpose or

(iv) resorting to any irregular or improper means in connection with his/ her candidature or

(v) obtaining support for his/ her candidature by unfair means, or

(vi) carrying mobile phones or similar electronic devices of communication in the interview hall, such a candidate may, in addition to rendering himself/ herself liable to criminal prosecution, be liable:

(a) to be disqualified from the interview for which he/ she is a candidate

(b) to be debarred either permanently or for a specified period from any examination conducted by Bank.

(c) for termination of service, if he/ she has already joined the Bank.

- **CALL LETTERS :** The Centre, venue address, post applied for, date and time for examination and interview shall be intimated in the respective Call Letter. An eligible candidate should download his/her call letter from the Bank's website www.bankofindia.co.in by entering his/her details i.e. Registration Number and Password/Date of Birth. No hard copy of the call letter/ Information Hand-outs etc. will be sent by post/ courier. Intimations will be sent by email and/ sms to the email ID and mobile number registered in the online application form. Bank will not take responsibility for late receipt / non-receipt of any communication e-mailed/ sent via sms to the candidate due to change in the mobile number, email address, technical fault or otherwise beyond the control of Bank. Candidates are hence advised to regularly keep in touch with the authorised Bank website www.bankofindia.co.in for details, updates and any information which may be posted for further guidance as well as to check their registered e-mail account from time to time during the recruitment process.

- **ANNOUNCEMENTS:**

  All further announcements/ details pertaining to this process will only be published/ provided on Banks website www.bankofindia.co.in from time to time.

General Manager (HR)

## અન્ય જાહેરખબર

- **નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્યુબરક્યુલોસીસ એન્ડ રેસીપીરેટરી ડિસીઝ : નવી દિલ્હી**

  **જગ્યાનું નામ** : (માત્ર શારીરિક ખોડખાંપણ ધરાવનાર માટે) સ્ટાફ નર્સ, હોસ્પિટલ મલ્ટી ટાસ્કીંગ સ્ટાફ

  **જગ્યાની સંખ્યા** : ૬

  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૦-૩-૨૦૧૬

  **વેબ સાઈટ** : www.nitrid.nic.in

- **સીએસઆઈઆર- ઈન્સ્ટિટ્યૂટ ઓફ હિમાલીયન બાયોરીસોર્સ ટેક્નોલોજી : પાલમપુર (હિમાચલ પ્રદેશ)**

  **જગ્યાનું નામ** : સિનિયર સાયન્ટિસ્ટ, સાયન્ટિસ્ટ, ટેકનીકલ આસિસ્ટન્ટ

  **જગ્યાની સંખ્યા** : ૧૦

  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૩૦-૩-૨૦૧૬

  **વેબ સાઈટ** : www.ihbt.res.in

- **નેશનલ એલ્યુમિનિયમ કંપની લિ. : ભુવનેશ્વર**

  **જગ્યાનું નામ** : ડેપ્યુટી મેનેજર / મેનેજર / આસિસ્ટન્ટ જનરલ મેનેજર (એચઆરડી એન્ડ એડમિનિસ્ટ્રેશન), જુનિયર મેનેજર /આસિસ્ટન્ટ મેનેજર (રાષ્ટ્ર ભાષા), ડેપ્યુટી મેનેજર / મેનેજર / સિનિયર મેનેજર / આસિસ્ટન્ટ જનરલ મેનેજર (પબ્લિક રીલેશન એન્ડ કોર્પોરેટ કમ્યુનિકેશન, લૉ, ફિનાન્સ, કોર્પોરેટ સોશીયલ રીસ્પોન્સીબીલીટી, માર્કેટીંગ, સિસ્ટમ, માઈનીંગ, માઈનીગ મશીનરી, જીઓલોજી, કેમિકલ, મેડિકલ સર્વિસ)

  **જગ્યાની સંખ્યા** : ૪૭

  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૫-૩-૨૦૧૬

  **વેબ સાઈટ** : www.nalcoindia.com

- **કેન્દ્રિય હિન્દી સંસ્થાન : આગ્રા**

  **જગ્યાનું નામ** : પ્રોફેસર (હિન્દી), એસોસીએટ પ્રોફેસર (લિગ્વીસ્ટીક, એજ્યુકેશન હિન્દી), જુનિયર સ્ટેનોગ્રાફર, લોઅર ડિવિઝન કલાર્ક, લાયબ્રેરી કલાર્ક,

  **જગ્યાની સંખ્યા** : ૨૭

  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૩૧-૩-૨૦૧૬

  **વેબ સાઈટ** : www.ahsindia.org

- **ઈન્ડિયન મેરીટાઈમ યુનિવર્સિટી : ચેન્નાઈ**

  **જગ્યાનું નામ** : લાયબ્રેરી આસિસ્ટન્ટ (ગ્રુપ-બી)

  **જગ્યાની સંખ્યા** : ૧૦

  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૨૨-૩-૨૦૧૬

  **વેબ સાઈટ** : www.imu.edu.in

- **ગાર્ડન રીચ શીપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લી. : કોલકત્તા**

  **જગ્યાનું નામ** : જનરલ મેનેજર, ડેપ્યુટી જનરલ મેનેજર, સિનિયર મેનેજર, મેનેજર (ટેકનિકલ, એચઆર, સીક્યુરીટી, એન્જિનિયરીંગ, ડૉક, ફિનાન્સ, કોર્પોરેટ કોમ્યુનિકેશન)

  **જગ્યાની સંખ્યા** : ૧૧

  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૮-૩-૨૦૧૬

  **વેબ સાઈટ** : www.grse.nic.in

- **૧૪ ફિલ્ડ એનિમેશન ડીપોર્ટ નારંગી મિલીટરી સ્ટેશન**

  **જગ્યાનું નામ** : ટ્રેડસમેન મેટ, એમટીએસ, ફાયરમેન, એલડીસી, મટીરીયલ્સ આસિસ્ટન્ટ,

  **જગ્યાની સંખ્યા** : ૧૨૮

  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૦-૩-૨૦૧૬

  **વેબ સાઈટ** : www.indianarmy.nic.in

- **ડિપાર્ટમેન્ટ ઓફ એટોમીક એનર્જી, ઈન્દિરાગાંધી સેન્ટર ફોર એટોમીક રિસર્ચ : કલપક્કમ**

  **જગ્યાનું નામ** : ટેકનિશિયન-સી (ડ્રાફ્ટસમેન - સિવિલ), કડિયા, વેલ્ડર, પેઈન્ટર, ડ્રાફ્ટસમેન - મિકેનિકલ, કમ્પ્યૂટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ, ગ્લાસ બ્લોવર, બોઈલર એટેન્ડન્ટ) સ્ટાઈપેન્ડરી ટ્રેઈની કેટેગરી-૨ (ઈલેક્ટ્રીશીયન, રેફ્રિજરેશન એન્ડ એસી મિકેનીક, ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનીક, ઈલેક્ટ્રોનિક્સ મિકેનીક, ફીટર, મીલરાઈટ ફીટર, મશીનીસ્ટ, ટર્નર, મિકેનીકલ મશીન ટુલ્સ મેઈન્ટેનન્સ, બાયોલોજી, પ્લાન્ટ ઓપરેટર, લેબોરેટરી આસિસ્ટન્ટ)

  **જગ્યાની સંખ્યા** : ૨૧૯

  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૧૮-૩-૨૦૧૬

  **વેબ સાઈટ** : www.igcar.gov.in

**(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ તા. ૨૦-૨-૨૦૧૬)**

# કારકિર્દી માટે જરૂરી ક્ષમતાઓ : ૧

**રોજગારની આસપાસ**

**રાજેન્દ્ર ઉપાધ્યાય**

રોજગારવાંચ્છુ મિત્રો, તમે જાણો છો, કે જે - તે કારકિર્દીના ક્ષેત્રમાં પ્રવેશવા માટે 'પ્રવેશ પરીક્ષા' (એન્ટ્રસ ટેસ્ટ) લેવામાં આવે છે. આવી પરીક્ષાઓ દ્વારા ઉમેદવારની એબીલીટી (ક્ષમતા) ચકાસાય છે. તેટલું જ નહીં પણ જે તે કારકિર્દીના ક્ષેત્રમાં 'એન્ટ્રી' મળી ગયા, બાદ તેમાં ટકી રહેવા તેમજ તેમાં પોતાના સ્થાનને વધુ મજબુત બનાવવા પણ કેટલીક ખાસ પ્રકારની ક્ષમતા/એબીલીટીની જરૂર પડે છે.

આવી એબીલીટી ચકાસવા માટે કેટલીક ખાસ પ્રકારની સાયકોલોજીકલ ટેસ્ટ લેવામાં આવે છે. જેમાં સારો દેખાવ કરનાર વ્યકિત અમુક પ્રકારના કાર્યક્ષેત્રોમાં સફળ થઈ શકે, તેવું અનુમાન થઈ શકે છે.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે, જે વ્યક્તિ ભણવામાં હોંશિયાર હોય, તેનામાં કારકિર્દીના દરેક ક્ષેત્રોમાં જવાની ક્ષમતા (કેપેસીટી) હોય છે. જેમ કે ધો.૧૦માં ૯૫ ટકા લાવનાર વિદ્યાર્થી સાયન્સમાં જઈને ડોક્ટર કે એન્જિનિયર બની શકે. અથવા કોમર્સ લઈને C.A./C.S./M.B.A. પણ થઈ શકે. તે જ પ્રમાણે આર્ટસ પ્રવાહમાં અધ્યાપક પણ થઈ શકે. પણ આવું માની લેવું ૧૦૦ ટકા સાચું નથી. કારણકે આવી હોંશિયાર વ્યક્તિની સમજવાની, યાદ રાખવાની, લખવાની કૌશલ્ય (skill) જરુર હોઈ શકે, પરંતુ જો તેનામાં જે તે ક્ષેત્રે કેટલીક પાયાની મૂળભૂત ક્ષમતા (કેપેસીટી): નો અભાવ હોય, તો તેઓ જે તે ક્ષેત્રમા સફળતા પામી શકે નહીં.

તો હવે, તમે જાણવા ઈચ્છશો કે ક્યા પ્રકારના ક્ષેત્રમાં ક્યા પ્રકારની ક્ષમતા (એબીલીટી) ની જરૂરિયાત છે, તો લ્યો પ્રિય વિદ્યાર્થી મિત્રોની સેવામાં તે અંગેનો ચાર્ટ રજૂ કરી દઈએ...

- **કારકિર્દીના ક્ષેત્રો : મેડિકલ**

  **એબીલીટી (ક્ષમતા) :** ૧. Reasoning (તર્કશક્તિ), ૨. Cognitive (સમજશક્તિ), ૩. Manual Dexterities (હસ્ત કૌશલ્ય)

- **કારકિર્દીના ક્ષેત્રો : એન્જિનિયરીંગ**

  **એબીલીટી (ક્ષમતા) :** ૧. Mechanical Comprehension (યાંત્રિક અર્થ બોધ), ૨. Reasoning (તર્કશક્તિ), ૩. Aesthetic Intelligence (સૌંદર્યાત્મક બુદ્ધિ)

- **કારકિર્દીના ક્ષેત્રો : લૉ**

  **એબીલીટી (ક્ષમતા) :** ૧. Reasoning (તર્કશક્તિ), ૨. Verbal (શાબ્દિક), ૩. Social (સામાજિકતા)

- **કારકિર્દીના ક્ષેત્રો : મેનેજમેન્ટ**

  **એબીલીટી (ક્ષમતા) :** ૧. Cognitive (સમજશક્તિ), ૨. Reasoning (તર્કશક્તિ), ૩. Verbal (શાબ્દિક)

- **કારકિર્દીના ક્ષેત્રો : કમ્પ્યૂટર સાયન્સ**

  **એબીલીટી (ક્ષમતા) :** ૧. Creativity (સર્જનાત્મકતા), ૨. Perceptual (પ્રત્યક્ષીકરણ), ૩. Numerical Memory (અંક-યાદશક્તિ)

આમ, તો કારકિર્દીના દરેક ક્ષેત્રોમાં જુદા જુદા પ્રકારની લગભગ તમામ એબીલીટી (ક્ષમતા)ની ઓછાવત્તા અંશે જરૂરિયાત રહે જ છે, આમ છતાંયે જે તે કારકિર્દીના ક્ષેત્રમાં મુખ્યત્વે કઈ પ્રકારની ક્ષમતા/એબીલીટીની જરૂરિયાત રહે છે, તેને આધારે ઉપરોક્ત ચાર્ટ તૈયાર કરવામાં આવેલ છે. હવે જુદા જુદા પ્રકારના કારકિર્દીના ક્ષેત્રોમાં સામાન્યપણે જરૂરી ક્ષમતાની વિગતે ચર્ચા કરીએ.

**૧. Reasoning (તર્કશક્તિ) :** અહીં સ્પર્ધાત્મક પરિક્ષાઓમાં પૂછવામાં આવતી અનુમાન કસોટી મુખ્ય છે કે જેમાં અલગ-અલગ વિધાનો આપવામાં આવેલા હોય છે. આવા વિધાનો પરથી કેન્ડીડેટએ તર્ક દોડાવીને અનુમાનો કરવાના રહે છે. જેમ કે પ્રત્યેક ૧૦૦ વ્યક્તિઓ સરેરાશ ૨૫ વર્ષની ઉંમરથી કમાવવાનું શરૂ કરે છે. જેમાંથી ૬૦ વ્યક્તિઓ નોકરી ૨૫ વ્યક્તિઓ વ્યવસાય અને બાકીની ૧૫ વ્યક્તિઓ ધંધો કરે છે. ત્યારબાદ ૪૦ વર્ષની સરેરાશ ઉંમરે ૧૫ વ્યક્તિઓ લખપતી બની જાય છે. જેમાંથી ૧૦ વ્યક્તિઓ ૫૦ વર્ષે કરોડપતિ બનેછે. ૬૫ વર્ષની સરેરાશ ઉંમરે ૨૫ વ્યક્તિઓને પોતાના સંતાનોની આજીવિકા ઉપર આધાર રાખવો પડે છે... વગેરે જેવા વિધાનોને આધારે તર્ક દોડાવવાનો રહે છે. તર્કશક્તિમાં શાબ્દિક તર્ક (verbal reasoning) માં જોડકામાના શબ્દને આધારે અનુરૂપ શબ્દ અન્ય જોડકામાંથી શોધવાનો રહે છે. જ્યારે અમૂર્ત તર્ક (Abstract reasoning) માં આકૃતિની હારમાળામાં આગામી આકૃતિ કઈ આવશે તે શોધવાનું રહે છે.

**૨. Mechanical Comprehension (યંત્ર અર્થબોધ) :** આ માટે ધો.૧૧ તેમજ ૧૨ના વિદ્યાથીઓ માટે મિકેનિકલ એસેમ્બલી ટેસ્ટ, સાધનોની સરખામણી કસોટી (Tool Matching), એસેમ્બલીંગ તેમજ ડિએસેમ્બલીંગ ટેસ્ટ ઉપલબ્ધ છે. ઉપરાંત યંત્રોના સ્પેરપાર્ટ્સને ઝડપથી એસેમ્બલીંગ કરવા માટે યંત્રોની ગોઠવણી (વિન્યાસ / Layout), હાથપગ અને આંખોની સંવાદિતા (Hand-Feet & Eye Co-ordination) વગેરેનો સમાવેશ થાય છે.

**૩. Aesthetic Intelligence Test (સૌંદર્યાત્મક બુદ્ધિ કસોટી) :** એન્જિનિયરીંગ, આર્કિટેકચર, પેઈન્ટીંગ, ફેશન, ડિઝાઈન, સ્કલ્પચર જેવા કારકિર્દીના ક્ષેત્રોમાં પ્રવેશ મેળવવા ઈચ્છુકોએ રૈખિક કળા (Graphic Ability) વધારવી જ પડે. આ માટે આ કસોટીની નીચે મુજબની કેટલીક પેટા કસોટીઓનો પણ સહારો લેવો પડે.

**કળા નિર્ણય શક્તિ (Art Judgement) :** અહીં એક સરખા ચિત્રોના જોડકા આપવામાં આવેલા હોય છે. દરેક ટેસ્ટમાં આશરે ૫૦ જોડકા જોવા મળે છે. દરેક જોડકામાં એક ચિત્ર જે તે ચિત્રકારે દોરેલું અસલ (Original) હોય છે, જ્યારે બીજું ચિત્ર તેના આધારે આબેહૂબ તૈયાર કરેલું હોય છે. હવે બંને ચિત્રોના રંગ, રેખાઓના અસલ વળાંક વગેરેના પરથી અસલ ચિત્ર શોધવાનું રહે છે.

પ્રત્યક્ષીકરણ (Perceptual) : ઉપરોક્તની પેટા કસોટીના પ્રમાણમાં આ કસોટી કઠીન છે. અહીં કોઈ જાણીતા ચિત્રકાર/ કલાકારની કૃતિઓનું નિરીક્ષણ કરીને તેના ૯૦ કે ૧૮૦ દિવસ બાદ તેનું પ્રત્યક્ષીકરણ કરવાનું રહે છે.

**સર્જનાત્મક કલ્પના (Creative Imagination) :** અહીં જે તે વિદ્યાર્થીને આ ટેસ્ટ દરમિયાન જુદી જુદી રેખાઓ, આકારો આપવામાં આવે છે. ત્યારબાદ વિદ્યાર્થીએ તેનો ઉપયોગ કરીને ચિત્ર કે ડિઝાઈન તૈયાર કરવાની રહે છે તે જ પ્રમાણે Time Discrimination Test માં વિદ્યાર્થીને અમુક ડિઝાઈન કે ચિત્ર અમુક મિનીટો સુધી બતાવવામાં આવે છે અને ત્યારબાદ વિદ્યાર્થીએ તે યાદ રાખીને જોયા વિના ચિત્ર દોરવાનું રહે છે.

**શક્તિ અને ખંત (Energy & Perseverance) :** અહીં વિદ્યાર્થી જે તે કલા (ચાહે તે ચિત્રકલા હોય કે અન્ય) પાછળ સતત એક ધારું કાર્ય કરી શકે તે માટે ધીરજ નહીં ગુમાવવાની કસોટી કરવામાં આવે છે.

**હસ્ત કૌશલ્ય (Manual skill) :** આપ એન્જિનિયર કે આર્કિટેક બનવા માંગતા હોય અને માપપટ્ટીના ઉપયોગ વગર સીધી તેમજ આડી લીટી દોરી ન શકો તો તમારામાં તે માટેની ક્ષમતા નથી, તેવું ફલિત થાય ખરું ને ? તે જ પ્રમાણે કોણમાપકના ઉપયોગ વગર અમુક અંશના ખૂણા દોરવા વગેરેનો સમાવેશ આ પ્રકારની કસોટીઓમાં થાય છે.

**વ્યક્તિત્વ કસોટી (Personality Test) :** આ માટે અસંખ્ય પ્રકારની કસોટીઓ ઉપલબ્ધ છે. અગાઉ પ્રશ્નાવલી તેમજ રૂબરૂ/ પ્રત્યક્ષ મુલાકાત પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવતો. TAT (Thematic Apperception Test) માં ઉમેદવારને કેટલાક સ્ટાન્ડર્ડાઈઝડ (પ્રમાણિત) કરેલા ચિત્ર આપવામાં આવે છે, અને તેના આધારે સ્ટોરી બનાવવાનું કહેવામાં આવે છે.

ઉમેદવારની સ્ટોરીને આધારે, તેનું વ્યક્તિત્વ જાણી શકાય છે. અંર્તમુખી (Introvert) તેમજ બર્હિમુખી (Extrovert) પ્રકારનું વ્યક્તિત્વ ખૂબ જ સામાન્ય ગણવામાં આવે છે. જ્યારે વ્યવહારિક (Practical) વ્યક્તિત્વ ધરાવનારાઓને માર્કેટીંગ પ્રકારનું કારકિર્દીનું ક્ષેત્ર વધુ માફક આવે છે. સૌંદર્યાત્મક (Aesthetic) ગુણો ધરાવતી વ્યક્તિ દરેક કાર્યને ચિવટપૂર્વક કરતી હોવાથી તેઓ માટે ડિઝાઈનીંગ, આર્કિટેકચર, કલા, સાહિત્ય, સર્જનાત્મક લેખન જેવા કારકિર્દીના ક્ષેત્રો વધુ ઉપયોગી સાબિત થાય છે.

**Behavioural Test (વર્તણૂંક કસોટી) :** મોટા કોર્પોરેટ હાઉસમાં ઉચ્ચ હોદ્દાઓ પર કામ કરવા ઈચ્છુકો માટે આ ટેસ્ટ ઉપયોગી સાબિત થાય છે કે જેમાં ઉમેદવાર વ્યક્તિ ખાલી સોફા પર કઈ રીતે બેસે છે, હોટલ/રેસ્ટોરન્ટમાં નિમ્ન કામદાર સાથે ટેબલ શેર કરે છે, વિજાતીય વ્યક્તિ સાથે કઈ રીતે વાત કરે છે, વગેરે વર્તણૂંકોનું નિરીક્ષણ કરવામાં આવે છે.

આગામી લેખમાં અન્ય કેટલીક કસોટીઓની ચર્ચા કરીને એબીલીટી (ક્ષમતા) કઈ રીતે વધારી શકાય તેની ચર્ચા કરીશું.

**રોજગારી T-20 :**

જુદી જુદી એબીલીટી ટેસ્ટ (ક્ષમતા કસોટી)ના અભ્યાસ બાદ ઉજ્જવળ કારકિર્દી ઈચ્છુકો માટે આવા જ પ્રકારની ટેસ્ટમાંથી એક શાબ્દિક ... કસોટીનો પ્રશ્ન...

શેમાં વધુ નુકશાન છે ?

- બોલવાના સમયે ન બોલવામાં ?

- ન બોલવાના સમયે બોલવામાં ?

# URANIUM CORPORATION OF INDIA LIMITED

IA Govemment of India Enterprises)
PO:Jaduguda Mines, Distt.:Singhbhum (East), Jharkhanri-837107
Phone No. 0657-2730058, website www.ucil.gov.in, Email : cs@ucil.gov.in

## ADVERTISEMENT NO. 01/2016

Uranium Corporation of India Limited (UCIL), a Public Sector Enterprise under the administrative control of the Department of Atomic Energy having its headquarter and registered office at Jaduguda Mines P.O., District East Singhbhum. Jharkhand. Company is engaged in mining & processing of uranium ore and following IDA pattern of pay scales revised w.e.f. 01.01.2007.

UCIL invites applications from Indian citizens for the following posts required for its existing units in Jharkhand. Andhra Pradesh and upcoming projects in India.

Please note that the applicants already submitted their applications for the following posts against our Advertisement Nos.01/2015, 03/2015 and 04/2015 need not to apply again. Their applications retained with us will be processed alongwith the applications to be received against the Advertisement No.01/2016.

| Sl. No. | Name of Post | No. of Post (s) | Upper age limit as on 28.03-2016 | Period of expenence | Scale of pay (Rs.) |
|---|---|---|---|---|---|
| 01 | Dy. General Manager | 01(UR) | 48 years | 18 years | (36600-62000)-E6 |
| 02 | Chief Supdt.(Elect.)/ Superintendent(Elect.) (For UCIL Tommalapalle) | 01 (OBC) | 45 years/ 40 years | 15 years/ 12 years | (32900-58000)-E5 (29133-54500)-E4 |
| 03 | Addl. Controller of Stores | 01-OBC (VH) (backlog) | 35 years | 09 years | (24900-50500)-E3 |
| 04 | Dy.Supdt.(Mill) | 01(UR) | 30 years | 06 years | (20600-46500)-E2 |
| 05 | Dy. Controller of Stores & Purchase | 01(UR) | 0 years | 06 years | (20600-46500)-E2 |
| 06 | Dy. Manager (Accounts) | 01(OBC) | 30 years | 06 years | (20533-46500)-E2 |
| 07 | Assistant Manager (Medical Services) | 03 (UR-2. OBC-1) | 30 years | 02 years | (16400-40500)-E1 |
| 08 | Asstt Manager | 01(SC) | 30 years | 02 years | (16403-40500)-E1 |
| 09 | Stostt.Controller of | 01(ST) | 30 years | 02 years | (16400-40500)-E1 |
| 10 | Asstt. Supdt.(Industrial Engineenng) | 01 (OBC) | 30 years | 02 years | (16400-40500)-E1 |
| 11 | Security Officer | 01(UR) | 50 years | 18 years | (12600-32500)-E0 |
| 12 | Diploma Trainee (Chemical) | 01(UR) | 30 years | Nil | Rs.23078/-p.m. consolidated |
| 13 | Fire Officer (Purely on contract basis initially for 01 year for UCIL TMPL) | 01(UR) | 35 years | 02 years | Rs.25000/- p.m. consolidated |

Full text of this advertisement is available on our website www.ucil.gov.in. Last date of receiving of applications is 28.03.2016.

●

# Indian Oil

## Recruitment of
## E&lì Petrochemicals and Gas Sourcing Professionals in Mid-Level

Indian0il is a transnational energy major and the highest ranked Indian Company in Fortune's prestigious 'Global 500' listing. It is the largest commercial enterprise in India with a turnover of over Rs. 4.50 lakh crore for year 2014-15. With a Vision to be the 'Energy of India'. Indian Oil is making rapid strides in new areas of business like Exploration & Production (E&P), Petrochemicals and Gas Sourcing.

Indian Oil is offering a rare opportunity to experienced professionals from Exploration & Production (E&P). Petrochemicals and Gas Sourcing to join the Corporation in Mid-Level.

| EXPLORATION & PRODUCTION | | PETROCHEMICALS | | GAS | |
|---|---|---|---|---|---|
| Geologist | Sr. Manager - 2 | Technical services (Polymer) | Dy. Manager - 2 | Gas Sourcing | Manager - 2 |
| Geophysicist | Sr. Manager - 1 | | | | |
| Drilling Engineer | Sr. Manager -1 | Product Application and Development Centre (PADC) | Manager - 2 | | |
| Reservoir Engineer | Sr. Manager -1 | | | | |
| Petro-Physicist | Sr. Manager -1 | | | | |

**Age :** Maximum 42 years for Senior Managers, 39 years for Managers and 36 years for Deputy Managers.

**Experience :** Minimum 14 years for Senior Managers. 10 years for Managers and 8 years for Deputy Managers in relevant areas.

The detailed advertisement is available on our website www.iocl.com. Candidates may log on to our website for details

regarding prescribed educational qualification, age, eligibility criteria, detailed application procedure, etc. Candidates are required to apply ONLINE using the link available at www.iocl.com by 23 March, 2016.

●

# જેલોના ઈન્સ્પેક્ટર જનરલની કચેરી

**ગુજરાત રાજ્ય, 'જેલ ભવન'**
**સુભાષબ્રિજ સર્કલ પાસે, અમદાવાદ-૨૭**

જેલ ખાતાની વિવિધ ટેકનિકલ સંવર્ગની નીચે જણાવેલ ખાલી જગ્યાઓ રાજ્યની જુદી જુદી જેલ કચેરી ખાતે ૧૧ માસના કરાર આધારિત ફીક્સ પગારથી તદન હંગામી ધોરણે ભરવા માટે નિયત કરેલ લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

| અ.નં. | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | વણાટ મદદનીશ | ૦૭ |
| ૨ | સુથાર શિક્ષક | ૦૬ |
| ૩ | સિનિયર દરજી શિક્ષક (પુ) | ૦૩ |
| ૪ | જુનિયર દરજી શિક્ષક (પુ) | ૦૧ |
| ૫ | દરજી શિક્ષક (મહિલા) | ૦૨ |
| ૬ | લુમ ફીટર | ૦૧ |
| ૭ | મિસ્ત્રી | ૦૨ |
| ૮ | કંપોઝીટર | ૦૧ |
| ૯ | મશીનમેન | ૦૧ |
| ૧૦ | બાઈન્ડર | ૦૨ |
| ૧૧ | બેકરી ઈન્સ્ટ્રક્ટર | ૦૧ |

ઉપર જણાવેલ ટેકનિકલ સંવર્ગની જગ્યાઓ માટે ઉમેદવારો નિયત કરેલ લાયકાતના ધોરણો, વેતન, અનુભવ, અરજીનો નમૂનો વિગેરેની જાહેરાત જેલ વિભાગની વેબસાઈટ www.prisons.gujarat.gov.in ઉપર 'અવનવું' હેઠળ તા. ૨૨-૨-૨૦૧૬ થી તા. ૨-૩-૨૦૧૬ સુધી ઉપલબ્ધ થઈ શકશે. રસ ધરાવતા ઉમેદવારોએ અરજી નિયત નમૂનામાં તા. ૧૫-૩-૨૦૧૬ સુધી અત્રેની કચેરીને મળી રહે તે રીતે રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી મોકલવાની રહેશે.

અધિક પોલસ મહાનિર્દેશક અને
જેલોના ઈન્સ્પેક્ટર જનરલ,
ગુજરાત રાજ્ય, અમદાવાદ. ●

# માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના

ગુજરાત રાજ્યમાં આવેલી શાળાઓમાંથી માન્ય બોર્ડની ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ/સામાન્ય પ્રવાહની પરીક્ષા પાસ થયેલા તેજસ્વી અને જરૂરિયાતમંદ એવા વિદ્યાર્થીઓને સ્નાતક અભ્યાસક્રમ માટે શૈક્ષણિક વર્ષ-૨૦૧૪-૧૫માં માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃતિ યોજના અન્વયે પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવેલ છે.

આ યોજના હેઠળ જે વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે શિષ્યવૃત્તિ મળેલ હોય તેવા વિદ્યાર્થીઓએ શિક્ષણ વિભાગના તા. ૨૩-૭-૨૦૧૪ના ઠરાવની જોગવાઈ મુજબ બીજા વર્ષની શિષ્યવૃત્તિ (Renewal) મેળવવા માટે http://scholarship.gujarat.gov.in/cmscholarships/ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ માટે રાજ્યભરમાં હેલ્પ સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે તથા યોજના સંબંધિત તમામ વિગતો ઉક્ત વેબસાઈટ પર ઉપલબ્ધ છે. ઓનલાઈન અરજી કરવાની સમય મર્યાદા વધારીને તા. ૩૧-૩-૨૦૧૬ સુધી કરવામાં આવે છે.

સીઈઓ, કેસીજી ●

# ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન

**બિરસા મુંડા ભવન, ભોંયતળિયે, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.**

**ફોન : (ઓ) ૦૭૯-૨૩૨૫૬૮૪૩, ૨૩૨૫૩૮૯૧, ૨૩૨૫૩૮૮૭**

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન એ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ-ગુજરાત એક્ટ નં. (૫) ૧૯૭૨ હેઠળ રચાયેલ ગુજરાત સરકારનું એક વૈધાનિક સેવા કોર્પોરેશન છે. ગુજરાત રાજ્યમાં વસતા આદિજાતિના ઈસમોના સામાજીક અને આર્થિક વિકાસનું કાર્ય કોર્પોરેશન દ્વારા કરવામાં આવે છે. જેના અનુસંધાને કોર્પોરેશન દ્વારા જુદા જુદા હેતુઓ/પ્રવૃત્તિઓ માટે જુદી જુદી યોજના હેઠળ લોન આપવાનું કાર્ય કરે છે. જેના ભાગરૂપે કોર્પોરેશન નીચે જણાવેલ જુદી જુદી જગ્યાઓ માટે નીચેની વિગતે અરજી મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓ સરકારશ્રીની શરતો અને બોલીઓ અનુસાર કરાર આધારિત ભરવાની છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | પે બેન્ડ અને ગ્રેડ પે | અરજીઓ કોણ કરી શકશે. |
|---|---|---|---|---|
| ૧ | મેનેજર વર્ગ-૧ | ૧ | રૂ. ૧૫૬૦૦-૩૯૧૦૦ | વર્ગ-૧ના અધિકારી કે જેઓ રાજ્ય સરકારની કચેરીમાંથી સામે દર્શાવેલ કોલમ-૪માં નિવૃત્ત થયેલ હોય રેવન્યુ, એકાઉન્ટ્સ કે સહકાર વિભાગના અધિકારીને અગ્રતા આપવામાં આવશે. |
| ૨ | ડેપ્યુટર મેનેજર વર્ગ-૨ | ૩ | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૬૦૦ | વર્ગ-૨ના અધિકારી કે જેઓ રાજ્ય સરકારની કચેરીમાંથી સામે દર્શાવેલ કોલમ-૪માં નિવૃત્ત થયેલ હોય રેવન્યુ, એકાઉન્ટ્સ કે સહકાર વિભાગના અધિકારીને અગ્રતા આપવામાં આવશે. |
| ૩ | સિનિયર આસિ. વર્ગ-૩ | ૮ | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૨૦૦ | વર્ગ-૩ના અધિકારી કે જેઓ રાજ્ય સરકારની કચેરીમાંથી સામે દર્શાવેલ કોલમ-૪માં નિવૃત્ત થયેલ હોય. |
| ૪ | આસી. મેનેજર વર્ગ-૩ | ૬ | રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૨૦૦ | વર્ગ-૩ના અધિકારી કે જેઓ રાજ્ય સરકારની કચેરીમાંથી સામે દર્શાવેલ કોલમ-૪માં નિવૃત્ત થયેલ હોય. |
| ૫ | જુનિ. આસિ. વર્ગ-૩ | ૪ | રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે ૨૪૦૦ | વર્ગ-૩ના અધિકારી કે જેઓ રાજ્ય સરકારની કચેરીમાંથી સામે દર્શાવેલ કોલમ-૪માં નિવૃત્ત થયેલ હોય. |

નિયત કરેલ નમુનામાં સંપૂર્ણ ભરેલ વિગતો સાથેની અરજીઓ કાર્યપાલક નિયામકશ્રી ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦-એ ગાંધીનગર ખાતે રૂબરૂમાં અગર ટપાલ દ્વારા તા. ૩૧-૩-૨૦૧૬ સુધીમાં સાંજના ૬ કલાક પહેલા રજૂ કરવાની રહેશે.

નિયત કરેલ અરજી ફોર્મ તથા શરતો અને બોલીઓ કોર્પોરેશનની વેબસાઈટ www.adijatinigam.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. અગર રૂબરૂ અથવા ટપાલ દ્વારા ડેપ્યુટી મેનેજર (વહીવટ) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર પાસેથી મેળવી શકાશે.

જાહેરાત હેઠળની ઉપરોક્ત જગ્યાઓ ભરવા કે કોઈપણ કારણસર ન ભરવાની આખરી સત્તા કોર્પોરેશનની રહેશે.

મળેલ અરજીઓની ચકાસણી કરવામાં આવશે અને સરકારશ્રીની મંજુરી મળ્યેથી જગ્યાઓ ભરવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

કાર્યપાલક નિયામક,
ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર ●

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## અગત્યની જાહેરાત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા રેવન્યુ તલાટી સંવર્ગની કુલ ૨૪૮૦ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા જાહેરાત ક્રમાંક : ૬૦/૨૦૧૫-૧૬ સંબંધમાં ૮૦ જગ્યાનો વધારો થતા હવે કુલ ૨૫૬૦ ખાલી જગ્યાઓ નીચે મુજબ કેટેગરીવાઈઝ ભરવાપાત્ર થાય છે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી.

મહેસુલ વિભાગના નિયંત્રણ હેઠળની કલેક્ટર કચેરીઓ ખાતેની મહેસુલી તલાટી સંવર્ગ વર્ગ-૩ ની કેટેગરીવાર ખાલી જગ્યાઓની વિગતો :

| કુલ | બિન અનામત | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | | અનુસુચિત જાતિ | | અનુસુચિત જનજાતિ | | કુલ જગ્યા પૈકી | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | માજી સૈનિક કુલ | શા.ખો.ખા. | | | |
| | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | | શા.ખો. ખાં. કુલ | અંધત્વ ઓછી દ્રષ્ટિ વાળા | શ્રવણ ની ખામી | હલન ચલનની વિકલાંગ તા/મગજ ના લકવા |
| ૨૫૬૦ | ૯૫૯ | ૪૭૩ | ૪૩૫ | ૨૧૪ | ૧૧૩ | ૫૫ | ૨૦૮ | ૧૦૩ | ૨૫૬ | ૭૭ | ૨૬ | ૨૬ | ૨૫ |

જાહેરાત ક્રમાંક : ૬૦/૨૦૧૫-૧૬ ની અન્ય તમામ બાબતો યથાવત્ રહે છે. ●

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## મહાનગર સેવા સદન

**જાહેરખબર ક્રમાંક : ૧૩/૨૦૧૫-૧૬**

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત હાઉસીંગ ફોર ઓલ પ્રોજેક્ટ માટે સીટી લેવલ ટેકનીકલ સેલ (CLTC) માટે નીચે જણાવેલ જગ્યા તદન હંગામી માસિક ઉચ્ચક કરારથી ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી તા. ૯-૩-૨૦૧૬ ના રોજ સાંજના ૫.૩૦ કલાક સુધીમાં મળે તે રીતે ફક્ત ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

આ માટે ઉમેદવારે વિગતવાર માહિતી અ.મ્યુ.કો.ની વેબસાઈટ ahmedabadcity.gov.in પર recruitment link પરથી મેળવી ફક્ત ઓનલાઈન અરજી કરવાની રહેશે.

**૧. સંવર્ગનું નામ :** Town planning specialist / Urban Planner
**જગ્યાની સંખ્યા :** 01
**લાયકાત :**
i. Post Graduate or graduate Degree in Urban Planning or Regional Planning or Geography.
ii. Minimum of 3-5 years of work experience in urban planning with experience of urban infrastructure projects/affordable housing/slum development projects.
iii. Experience of reform oriented project is desirable.
iv. Fluency in local language desirable.

**૨. સંવર્ગનું નામ :** Housing Finance Specialist
**જગ્યાની સંખ્યા :** 01
**લાયકાત :**
i. Post graduate or graduate degree in finance or equivalent qualification from recognized university.
ii. 3-5 years of experience in housing finance or banking or housing policy.
iii Experience in helping State/UT governments and ULBs to examine and use a range of options for financing housing projects.
iv. Experience in training ULB staff on municipal finance, project finance and resource mobilization.

**૩. સંવર્ગનું નામ :** Municipal / Civil Engineer
**જગ્યાની સંખ્યા :** 12
**લાયકાત :**
i. Post graduate or graduate degree in Engineering with specialization in public health engineering or diploma in Engineering.
ii. At least 3 years of experience in procurement, design and supervision of infrastructure works.
iii. Ability to assist ULBs to set standards and procedures for ensuring quality and monitoring compliances.
iv. Prior experience as municipal engineer will be an added advantage.
v. Fluency in local language essential.

**૪. સંવર્ગનું નામ :** PPP Specialist
**જગ્યાની સંખ્યા :** 01
**લાયકાત :**
i. 3-5 yrs. Professional experience in developing and managing projects on PPP mode.
ii. Experience in formulation of PPP projects (including relevent concession agreements, due diligence processes, value for money audits, public secton comparator, etc.)
iii. Experience in project agreements, tender process, detailed legal and contractual agreements, risk management and contingent liability issues and financial analysis of complex project proposals with respect to PPP projects.

**૫. સંવર્ગનું નામ :** MIS Specialist
**જગ્યાની સંખ્યા :** 01
**લાયકાત :**
i. Post graduate / graduate / diploma in Computer Science / Electronics or MCA / PGDCA.
ii. 3-5 years of work experience in government / semi govt. / autonomous organizations / private company of repute.
iii. Experience in software development and database management.
iv. Fluency in local language essential.

**વય મર્યાદા : ઉક્ત અનુ. ૧ થી ૫ માટે મહત્તમ ૪૫ વર્ષ**
**માસિક ઉચ્ચક મહેનતાણાની રકમ :**
*For city level cells (cities with > than 10 Lakh population
Maximum Rs. 70,000/- per expert per month for post graduate degree holders.
Maximum Rs. 50,000/- per expert per month for bachelor degree holders.
Maximum Rs. 40,000/- per expert per month for diploma holders.*
Remuneration should be commensurate with qualification and experience and also as per prevailing norms in State and Cities. ●

મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.